જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૦/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૫૨૬/૨૦૨૫**

(૧) ઓઢવ પો.સ્ટે. ગુ.ર.નં.૨૩૬/૨૦૧૫ ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૪૧૩, ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૩૭૫/૨૦૨૩ મુજબ ગુનાના કામે મનજીતસિંગ ઘરમસીંગ જુની (સરદારજી /ચીખલીગર) (ઉ.વ.૨૩) (રહે.ખેરાલું મુક્તીધામના છાપરાં બાલાજી મસ્જીદ પાસે તા.વિસનગર જી. મહેસાણા) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી સી.એચ.શાહ સાહેબ, અધિક સત્ર ન્યાયાધીશ કોર્ટ નં.૦૬ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૧/૧૧/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

(૧) ઓઢવ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૦/૨૦૧૩ ઈપીકો કલમ ૩૯૨, ૪૧૩, ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૯૦૯/૨૦૨૩ મુજબ ગુનાના કામે દેવલ ઉર્ફે ભોટીયો સ/ઓ દિલીપભાઈ ગણેશભાઈ જાતે–પટેલ (ઉ.વ.૨૦) (રહે. સી/૧૮ રાધે પાર્ક સોસાયટી વસ્ત્રાલ આર.ટી.ઓ સામે અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી એસ.આર.સાંગાણી સાહેબ, અધિક સત્ર ન્યાયાધીશ કોર્ટ નં.૨૮ સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ ભદ્ર લાલદરવાજા, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૩/૧૧/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૨૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૮૮ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૪ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૬૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૨૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર ચાદી નં.૧૫૨૯/૨૦૨૫**

સેટેલાઈટઃ ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમ (ઉ.વ.૪૭)(રહે.સુર્યા ગાર્ડન ટ્રીચી રોડ જી–નમક્કલ થાના–નમક્કલ રાજ્ય–તમીલનાડુ) એ તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમ નાઓ તમિલનાડું ખાતેફ્ન્ડલાઈન વિંડ એનર્જી પ્રા.લીમીટેડ નામની કંપની ખાતે પવન ચક્કી દ્વારા વિજ ઉત્પાદન કરી વેચાણ કરતા હોય તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ મોબાઈલ નંબર ૯૫૬૪૪૫૮૨૭૩ ના ધારકે ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમને ફોન કરી પોતાનું નામ રવિ પરમાર જણાવી તેઓની કંપની લોન આપવાનું કામ કરે છે અને લોનની જરૂરીયાત હોય તો સેટેલાઈટ શીવરંજની ચાર રસ્તા પાસે કલા મંદિર શો–રૂમની ઉપર "શ્રીધર એથેન્સ" ઓફીસ નંબર–૮૧૨ ખાતે મીટીંગમાં આવવું પડશે તેમ કહેતા ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમ નાઓને લોનની જરૂરીયાત હોય તમીલનાડુંથી અમદાવાદ સેટેલાઈટ શીવરંજની ચાર રસ્તા પાસે કલા મંદિર શો–રૂમની ઉપર "શ્રીધર એથેન્સ" ઓફીસ નંબર–૮૧૨ ખાતે ઓફીસ આવ્યા હતા. જ્યાં આરોપી (૧) નિતાંત પુરનચંદ શર્મા (રહે.રંગોલી ગ્રીન્સ શ્રીરામનગર વૈશાલીનગર પંચાયવાલા જી–જયપુર રાજસ્થાન) (૨) રવી પરમાર અને (૩) અનીલ અગ્રવાલ નાઓ સાથે મુલાકાત થઈ હતી. જયાં તેઓએ ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમ નાઓની ફ્ન્ડલાઈન વિંડ એનર્જી પ્રા.લીમીટેડ નામની કંપનીના કાગળો તપાસ કરી જણાવેલ કે તમારી કંપની ખાતે મુલાકાત કરી વેલ્યુએશન રિપોર્ટના આધારે લોન પાસ કરી આપવા જણાવેલ. ત્યારબાદ આરોપી નિતાંત પુરનચંદ શર્મા નાઓ તમીલનાડું ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમ નાઓની કંપની ખાતે જઈ વેલ્યુએશન રિપોર્ટના આધારે ત્રીસ કરોડ લોન કરી આપવા જણાવેલ અને દસ્તાવેજ પુરાવા સાથે અમદાવાદ ઓફીસ ખાતે બોલાવ્યા હતા. જ્યાં એક ટકા સ્ટેમ્પ ડ્યુટી ભરવી પડશે તેમ કહી ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમ પાસેથી રૂપિયા ૨૯,૭૫,૦૦૦/– મેળવી લઈ ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમ નાઓને બે કલાક પછી ઓફીસ આવવાનું જણાવતા ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમ તેમની ઓફીસથી નિકળી ગયા હતા. ત્યારબાદ બે કલાક પછી ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમ તેઓની ઓફીસ ખાતે જતા ઓફીસ બંધ હતી અને ઉપરોક્ત આરોપીઓના ફોન સ્વિચ ઓફ આવતા હોય ઉપરોક્ત આરોપીઓએ ભેગા મળી લોન આપવાના બહાને ગણેશદેવરાજ ચન્દ્રમૌલેશ્વરમ પાસેથી પૈસા મેળવી લઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સગરામભાઈ ખોડાભાઈ ચલાવે છે.

એરપોર્ટઃ સરદારનગર સિંધી કોલોની ખાતે રહેતી યુવતીએ તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૮/૨૦૨૫ ના રોજ યુવતીએ ફેસબુકમાં લોટરીની જાહેરાત જોતા જેમાં એપ્લાય કરવા માટે વોટ્સએપ નંબર +૯૨૩૨૯૯૯૩૨૨૮૫ આપેલ હતો. જે નંબર ઉપર યુવતીએ પોતાનો બેન્ક ખાતા નંબર અને પાસપોર્ટ સાઈસનો ફોટો મોકલી આપતા ઉપરોક્ત નંબરના ધારકે મેસેજ કરી રૂપિયા ૩૦,૦૦,૦૦૦/– લોટરી લાગેલ હોવાનું તથા ટેક્સ પેટે રૂપિયા ૭૮,૦૦૦/– ભરવા પડશે તેમ જણાવેલ. જેથી યુવતીએ તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ સોશિયલ મિડિયાના માધ્યમથી ઓનલાઈન રૂપિયા ૭૮,૦૦૦/– તેઓના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ પણ વોટ્સએપ મોબાઈલ નંબર +૯૨૩૨૯૯૯૩૨૨૮૫ તથા +૪૪૭૯૩૮૮૫૮૬૮૨ તથા +૯૨૩૨૯૯૯૩૨૨૫૮ ના ધારકોએ યુવતી પાસેથી ટેક્સ પેટે વધુ પૈસાની માંગણી કરી લોટરીની લાલચ આપી નાણાં મેળવી લઈ લોટરી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૫૩૦/૨૦૨૫**

ચાંદખેડાઃ બાબુભાઇ ગેલાભાઇ પટેલ (ઉ.વ.૭૩)(રહે.બંગલા નંબર–૨ શ્યામપુજા સોસાયટી વિભાગ–૩, શ્રેષ્ઠ બંગ્લોઝની બાજુમાં, મોટેરા, ચાંદખેડા) એ તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૫ સાંજના ૪/૦૦ થી તા.૨૭/૧૦/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારીના સળીયા તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના, અન્ય ચીજ વસ્તુઓ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૩,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એન.ગઢવી ચલાવે છે.

બોડકદેવઃ શૈલેષભાઇ ડાયાભાઇ પટેલ (ઉ.વ.૪૯)(રહે.વૃંદાવન બંગ્લોઝ નંબર-૧૦ ડિવાઇન હાઇલેન્ડની બાજુમા સાયન્સ સીટી સોલા) એ તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૧૭/૧૦/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ત્રીજા માળની બારીનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બીજા માળના બેડરૂમના ડ્રોઅરમાંથી સોનાની લક્કી કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એસ.પટેલ ચલાવે છે.

ગોમતીપુરઃ દેવજીભાઇ હમીરભાઇ રેવર (ઉ.વ.૬૦)(રહે.છ ઓરડી, છત્રીસ ઓરડીની બાજુમાં, શ્રીજી એસ્ટેટ ગેટ નંબર-૨ સામે, ગોમતીપુર) એ તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૫ રાતના ૧૦/૩૦ થી તા.૨૯/૧૦/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૧,૫૮,૩૭૫/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.મહીડા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૫૩૧/૨૦૨૫**

કાગડાપીઠઃ રાકેશભાઇ વિરજીભાઇ ગોહીલ (ઉ.વ.૩૮)(રહે.સાલ્વીક હોમ્સ-૨ દિયા પાર્ટી પ્લોટ સામે, વાવોલ, ગાંધીનગર) એ તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાનાં સુમારે રાકેશભાઇ ગોહીલના માતા ગીતામંદિર એસ.ટી.બસ ડેપો પ્લેટફોર્મ નંબર-૦૩ ખાતે સુરેન્દ્રનગર જતી એસ.ટી.બસમાં બેસવા બસમાં ચઢતા હતા ત્યારે અજાણી વ્યક્તિએ રાકેશભાઇ ગોહીલના માતાની નજર ચુકવી લેડીઝ પર્સમાંથી નાનુ પાકીટ ચોરી કરી લીધું હતું. જે પાકીટમાં સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૫૮,૭૦૦/- અને રોકડ રૂપિયા ૨૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૬૦,૭૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

બોડકદેવઃ આવરા વિશ્વનાથ મિત્રા (ઉ.વ.૫૮)(રહે. શિવમ મોનરેવ બંગ્લોઝ, શાંતનુ બંગ્લોઝની બાજુમા, બાબૂલબાગ પાર્ટી પ્લોટ પાસે, સિધું ભવન રોડ) એ તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે એપ્રીલ/૨૦૨૫ થી તા.૧૯/૦૯/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં કબાટના લોકરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૩૦,૯૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.વાય.ચૌહાણ ચલાવે છે.

શકદારઃ આવરા મિત્રાના ઘરે કામ કરતા તેજલબહેન નેપાલસિંગ (રહે.જાનકી ઔડાના મકાન બોડકદેવ અમદાવાદ.તથા મુળ વતન. રાજસ્થાન)

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૫૩૨/૨૦૨૫**

ઓઢવઃ ઇન્દ્રવદન મહેન્દ્રભાઇ સાલ્વી (ઉ.વ.૩૭) (રહે.મંગલપ્રભાત સોસાયટી સરસપુર) તા.૨૯/૧૦/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ મહાકાળીનગર ચેહર પાન પાર્લર ખાતે કામ કરતા હતા ત્યારે દિવાલ પડતા ઇન્દ્રવદન સાલ્વીને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઇ જગમાલભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી